# કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી ખાતે પશુપાલન વિશે તાલીમ કાર્યક્રમ યોજાયો

કેન્દ્ર, સણસોલી તથા આત્મા પ્રોજેકટ, ખેડા ના સંયુક્ત ઉપક્રમે "સ્ટ્રેન્થનિંગ ઓફ ફાર્મ ટેકનૉલોજિ ટ્રેનીંગ સેન્ટર" યોજના અંતર્ગત તા: ૧૦-૦૮-૨૦૧૮ ના રોજ "પશુ પાલન" વિષય પર એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો. સદર કાર્યક્રમમાં મહેમદાવાદ તાલુકાનાં જુદા જુદા ગામોમાંથી ૬૬ મહિલાઓ હાજર રહેલ.

તાલીમ કાર્યક્રમ દરમિયાન, ડૉ. જે. કે. પટેલ, સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રીએ કેન્દ્ર ખાતે ચાલતી સંશોધન અને બીજ ઉત્પાદનની પ્રવૃત્તિઓથી ખેડૂતોને અવગત કરેલ તથા કૃષિમાં આવક બમણી કરવામાં મહિલાઓની ભૂમિકા વિશે વિસ્તૃત વ્યાખ્યાન આપેલ. ડૉ. મહેશ પારેખ, નિવૃત મદદનીશ નિયામક (પશુ પાલન) એ "પશુપાલન થકી આવક બમણી કરવાના ઉપાયો વિશે ખૂબ જ રસપ્રદ રીતે વિસ્તૃતમાં ચર્ચા કરેલ તથા મહિલા પશુપાલકોના રોજ-બરોજના પશુપાલનને લગતા પ્રશ્નોનું નિરાકરણ કરેલ.

શ્રીમતી ઉમાબેન, સામાજીક કાર્યકર્તાએ મહિલાઓને સામાજીક સુરક્ષાના વિવિધ કાયદાઓ વિશે અવગત કરેલ. ડૉ. ટી. આર. પટેલ, રીસર્ચ એસોસીએટે "કિચન ગાર્ડનીંગ" વિશે રસપ્રદ વ્યાખ્યાન આપેલ. કાર્યક્રમ ના અંતે મહિલઓના પ્રોત્સાહન માટે "આદર્શ પશુપાલન" વિશે વિડીયો ફિલ્મ પણ બતાવવામાં આવેલ. તાલીમના અંતે પધારેલ મહિલાઓને કેન્દ્રની મુલાકાત કરાવવામાં આવેલ.

# કાર્યક્રમની ઝાંખી






ફાર્મ ટેકનોલોજી ટ્રેનીંગ સેન્ટર, આણંદ કૃષિ યુનિવર્સિટી, નેનપુર
FARM TECHNOLOGY TRAINING CENTRE
ANAND AGRICULTURAL UNIVERSITY, NENPUR
AAU
આત્મા પ્રોજેક્ટ અંતગત (જિ. ખેડા)
જીલ્લા અંદરની તાલીમ
ગામ :
તારીખ :
તાલુકો :